# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 03-03-2021 બપોરે : 1.20 થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી

સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે , કેન્દ્રીય અંદાજપત્રમાં કરાયેલી જોગવાઈઓથી શિક્ષણને રોજગાર અને ઉદ્યોગ સાહસિક ક્ષમતા સાથે જોડવાના સરકારના પ્રયાસો વિસ્તૃત થયા છે.
- ✓ ગુજરાતમાં નાણામંત્રી નીતીનભાઈ પટેલ નાણાંકીય વર્ષ અંદાજપત્ર 2021-22 માટેનું અંદાજપત્ર આજે વિધાનસભા ગૃહમાં રજૂ કરી રહ્યા છે.
- ✓ હરિયાણાના રાજ્યપાલે , ખાનગી ક્ષેત્રમાં 50 હજાર સુધીની માસિક પગાર ધરાવતી નોકરીઓમાં સ્થાનિક લોકોને 75 ટકા અનામતની જોગવાઈ ધરાવતા વિધેયકને ગઇકાલે મંજૂરી આપી છે.
- ✓ દેશમાં કોરોનાથી સાજા થવાનો દર 97.06 ટકા થયો છે.
- ✓ ખેલો ઇન્ડિયા – શિયાળુ રમતોત્સવમાં જમ્મુ-કાશ્મીર ટોચના સ્થાને રહ્યું છે.
- ✓ સ્વિસ ઓપન ૨૦૨૧ બેડમિન્ટન ચેમ્પીયનશીપની મિક્સ ડબલ્સ સ્પર્ધામાં અશ્વીની પોનપ્પા અને સાત્વિક રેકીરેડ્ડીએ ઇન્ડોનેશિયાની જોડીને હરાવી બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે.

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

# પીએમ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, કેન્દ્રીય અંદાજપત્ર      માં કરાયેલી જોગવાઈઓથી શિક્ષણને રોજગાર અને ઉદ્યોગ સાહસિક ક્ષમતા સાથે જોડવાના સરકારના પ્રયાસો વિસ્તૃત થયા છે.

તેમણે કહ્યું કે, આ વર્ષના અંદાજપત્રમાં આરોગ્ય પછી શિક્ષણ, કૌશલ્ય, સંશોધન અને નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે.

શિક્ષણ ક્ષેત્રે બજેટના અમલીકરણ અંગેના વેબિનારને સંબોધતા શ્રી મોદીએ કહ્યું કે, આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે દેશના યુવાધનોને આત્મવિશ્વાસની જરૂર છે.

જે તેમના શિક્ષણ , જ્ઞાન અને કૌશલ્ય સાથે જોડાયેલું છે. તેમણે કહ્યું કે, આના આધાર પર નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતી બનાવવામાં આવી છે.

શ્રી મોદીએ કહ્યું કે, જ્ઞાન અને સંશોધનને મર્યાદિત રાખવું તે રાષ્ટ્ર સાથે અન્યાય છે. માટે સરકાર યુવાઓ માટે અવકાશ, કૃષિ, પરમાણુ ઉર્જા, અને   DRDO જેવા અનેક ક્ષેત્રો ખુલ્લા મૂકી રહી છે.

# ગુજરાત અંદાજપત્ર

નાણામંત્રી નીતીનભાઈ આજે  ગુજરાત વિધાનસભામાં 2021-22ના નાણાંકીય વર્ષના અંદાજપત્રને રજૂ કર્યું છે.

તેમણે સૌ પ્રથમવાર ડીજીટલ અંદાજપત્ર રજૂ કરીને પર્યાવરણીય અભિગમ અપનાવ્યો છે. અને ગુજરાત બજેટ એપ પર અંદાજપત્ર રજૂ કર્યું છે. તે દ્વારા અંદાજે 45 લાખ રૂપિયાની બચત કરી છે.

# અંદાજ પત્ર

નાણાંમંત્રીએ આગામી નાણાકીય વર્ષ 2021-22 દરમિયાન 2 કરોડ 27 લાખ રૂપિયાના ખર્ચનો અંદાજો આજે વિધાનસભામાં રજૂ કર્યો છે. તે અનુસાર 32 હજાર કરોડ શિક્ષણ પાછળ, 11

હજાર કરોડ આરોગ્ય પાછળ, 13 હજાર કરોડ ઊર્જા અને પ્રેટોકેમિકલ તથા 11 હજાર કરોડ માર્ગ અને મકાન વિભાગ માટે જોગવાઈ કરી છે.

અંદાજપત્રમાં અમદાવાદ- મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે 1500 કરોડ, પ્રાકૃતિક ખેતી માટે 10 કરોડ, આદિજાતી વિકાસ માટે 11 હજાર 349 કરોડ, અને મહિલા વિકાસ માટે સાડા ત્રણ હજાર કરોડની જોગવાઈ કરી છે.

નાણાંમંત્રીએ જણાવ્યું છે કે, કોરોનાના કારણે આવકમાં 40 ટકા ઘટાડો થયો છે, તેમ છંતા નવા કરવેરાની કોઈ જોગવાઈ કરી નથી અને 587 કરોડ રૂપિયાની પુરાંત દર્શાવી છે.

અંદાજપત્રમાં ગૃહ વિભાગ માટે 7 હજાર 960 કરોડ, સોમનાથ, અંબાજી, દ્વારકા, સાપુતારા અને ગીર ખાતે હેલીપોર્ટ વિકસાવવા દરખાસ્ત મૂકી છે. ગીફ્ટ સીટી માટે 100 કરોડ રૂપિયા, અમદાવાદ – ગાંધીનગર સુરત મેટ્રો માટે 568 કરોડની જોગવાઈ કરી છે.

નાણાંમંત્રીએ ગુજરાતમાં બે મેગા ટેક્સટાઈલ પાર્ક, મેડીકલ ડીવાઈસ, ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, જંબુસરમાં બલ્ક ટ્રક ઈન્ડીસ્ટ્રીટલ માર્કની જોગવાઈ કરી છે. સોલર રૂફટોપ માટે 800 કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. અને તે દ્વારા 3 લાખ ઘરોને સહાય આપવામાં આવશે.

## ઝારખંડ, અંદાજપત્ર

ઝારખંડમાં રાજ્ય નાણામંત્રી ડો.રામેશ્વર ઉપરાંત વિધાનસભામાં આજે ચાલુ નાણાંકીય વર્ષનું અંદાજપત્ર રજૂ કરશે.

આ અંદાજપત્રમાં રોજગારીના અવસરો ઉપલબ્ધ કરાવવા તથા ગ્રામીણ જીવન સ્તર સુધારવા પર ધ્યાન કેન્દ્રીત કરાયું છે.

જોકે, ગઇકાલે સાત હજાર 323 કરોડ રૂપિયાનું પૂરક બજેટ ગૃહમાં પસાર કરાયું છે. નાણાંકીય વર્ષ 2020-21નું આર્થિક સર્વેક્ષણ પણ કાલે ગૃહમાં રજૂ કરાયું.

## કર્ણાટક, અંદાજપત્ર સત્ર

કર્ણાટક વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આવતીકાલે શરૂ થશે. અને 31 માર્ચે પુરું થશે.

મુખ્યમંત્રી યેદિયુરપ્પા નાણાંકીય વર્ષ 2021-22નું અંદાજપત્ર રજૂ કરશે.

વિધાનસભા અધ્યક્ષ વિશ્વેશ્વર હેગડેએ ગઇકાલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, સત્ર દરમિયાન પ્રધાનમંત્રીના એક રાષ્ટ્ર એક ચૂંટણીના સૂચન પર ચર્ચા કરાશે. અને ચર્ચાનો નિષ્કર્ષ ચૂંટણી પંચ તથા રાષ્ટ્રપતિને મોકલવામાં આવશે.

# હરિયાણા, આરક્ષણ

હરિયાણાના રાજ્યપાલે, ખાનગી ક્ષેત્રમાં 50 હજાર સુધીની માસિક પગાર ધરાવતી નોકરીઓમાં સ્થાનિક લોકોને 75 ટકા અનામતની જોગવાઈ ધરાવતા વિધેયકને ગઇકાલે મંજૂરી આપી છે. રાજ્ય વિધાનસભામાં ગત વર્ષે આ વિધેયક મંજૂર કરાયું હતું.

નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલે કહ્યું કે, રાજ્યના યુવાનોને ખાનગી કંપનીઓ, સામાજિક સંગઠનો અને ટ્રસ્ટની નોકરીઓના 75 ટકા અનામત મળશે. શ્રી ચૌટાલાએ ચૂંટણી દરમિયાન ખાનગીક્ષેત્રની નોકરીઓમાં અનામતનો વાયદો કર્યો હતો.

શ્રી ચૌટાલેએ ગત વર્ષે વિધાનસભામાં આ વિધેયક રજૂ કર્યું હતું. આ વિધેયકમાં ખાનગીક્ષેત્રે 50 હજાર સુધીની માસિક આવક ધરાવતી નોકરીઓના સ્થાનિક લોકોને 75 ટકા અનામતની જોગવાઈ છે.

# કોરોના અપીલ

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર કોરોના અંગેના આ સંદેશ બાદ....

(કોવિડ ટ્યુન)

# દિલ્હી-ચૂંટણી

દિલ્હી મહાનગર પાલિકામાં પાંચ વોર્ડના પેટા ચૂંટણી પરિણામો જાહેર કરશે. આ પાંચેય વોર્ડમાં 28 ફેબ્રુઆરીએ મતદાન યોજાયું હતું.

આશરે 50.86 ટકા મતદાન નોંધાયું હતું.

# કોવિડ

દેશમાં કોરોનાથી સાજા થવાનો દર 97.06 ટકા થયો છે. આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાકમાં 13 હજારથી વધુ દર્દીઓ સાજા થયા છે.

આ સાથે સાજા થયેલા દર્દીઓની કુલ સંખ્યા એક કરોડ આઠ લાખ 12 હજાર થઈ છે.

ગત 24 કલાકમાં 15 હજારથી વધુ નવા કેસ નોંધાતા કુલ પોઝિટિવ કેસોની સંખ્યા એક કરોડ 11 લાખથી વધુ થઈ છે.

છેલ્લા 24 કલાકમાં 98 દર્દીઓના મોત થયા છે.

અત્યાર સુધીમાં એક કરોડ 56 લાખથી વધુ લોકોને કોવિડની રસી અપાઈ ચુકી છે.

# શિયાળુ રમતોત્સવ

ખેલો ઇન્ડિયા – શિયાળુ રમતોત્સવમાં જમ્મુ-કાશ્મીર ટોચના સ્થાને રહ્યું છે. જમ્મુ-કાશ્મીરે 11 સુવર્ણ 18 રજત અને પાંચ કાંસ્ય ચંદ્રકો જીત્યા છે.

26 ફેબ્રુઆરીએ શરૂ થયેલો આ રમતોત્સવ ગઇકાલે પૂર્ણ થયો છે.

આ રમતોત્સવમાં 27 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના એક હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

# બેડમિન્ટન

સ્વિસ ઓપન ૨૦૨૧ બેડમિન્ટન ચેમ્પીયનશીપના પ્રથમ દિવસે અશ્વીની પોનપ્પા અને સાત્વિક રેકીરેડ્ડીએ મિકસ ડબલ્સમાં ઇન્ડોનેશિયાની જોડીને ૨૧-૧૮ , ૨૧-૧૦ થી હરાવી બીજા રાઉન્ડમાં પ્રવેશ્યા છે.

અન્ય મિકસ ડબલ્સમાં ભારતના પ્રણવ જેરી ચોપડા અને એન.સિકકી રેડ્ડીની જોડીનો બ્રિટનની જોડી સામે ૨૧-૧૮, ૨૧-૧૫ થી પરાજય થયો છે.

પુરુષ સિગલ્સ મુકાબલામાં આજે અનેક ભારતીય ખેલાડીઓ તેમની પ્રથમ તબકકાની મેચ રમશે. કિંદાબી શ્રીકાંતનો મુકાબલો ભારતીય ખેલાડી સમીર વર્મા સાથે થશે તો પ્રણય એચ.એસ નો મુકાબલો નેધરલેન્ડના ખેલાડી સાથે થશે.

આ ઉપરાંત સૌરભ વર્મા, અજય જયરામ , સાઇ પ્રણીત અને લક્ષ્યસેન પણ આજે પુરુષ સીગલ્સ સ્પર્ધામાં ઉતરશે.

# ચૂંટણી પંચ

ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીમાં મતદાન માટેનો સમય અડધો કલાક લંબાવ્યો છે.

પ્રથમ તબક્કાની ચૂંટણીમાં મતદાનનો સમય સવારે સાત વાગ્યાથી સાંજે 6-30 સુધીનો રહેશે.

ચૂંટણી પંચના જણાવ્યા મુજબ કોવિડ સંબંધિત પ્રતિબંધોને ધ્યાને રાખી મતદાન સમયમાં વધારો કરાયો છે.

ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં 30 બેઠકો પર 27 માર્ચે મતદાન યોજાશે.

દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય જીતેન્દ્ર તિવારી ગઇકાલે ભાજપમાં જોડાયા છે.

ભાજપ નેતાઓએ શ્રી તિવારીનું સ્વાગત કર્યું તો તૃણમૂલ કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે, શ્રી તિવારીના જવાથી પક્ષ ને કોઈ ફરક પડશે નહીં.

# આસામ

આસામમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં વિવિધ રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓ અને સ્ટાર પ્રચારકો ચૂંટણી પ્રચાર કરશે.

જોકે, મોટાભાગના પક્ષોએ હજુ સ્ટાર પ્રચારકોની યાદી ચૂંટણી પંચને સુપ્રત કરી નથી. પણ તમામ પક્ષો આ અંગેની તૈયારીઓમાં જોતરાયા છે.

આસામમાં ત્રણ તબક્કામાં વિધાનસભા ચૂંટણી યોજાશે.

ભાજપ સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ઉપરાંત ગણા કેન્દ્રીય નેતાઓ પ્રચાર કરશે.

કોંગ્રેસ માટે સુશ્રી પ્રિયંકા ગાંધીએ ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરી દીધો છે. રાહુલ ગાંધી સહિતના ટોચના નેતાઓ પણ જલદી પ્રચાર અભિયાનમાં જોડાય તેવી સંભાવના છે.

બીજી તરફ, પ્રાદેશિક પક્ષ આસામ રાષ્ટ્રીય પરિષદ, તેલંગાણા તથા ઝારખંડના મુખ્યમંત્રી સાથે વાતચીત કરી રહી છે.

આવનાર દિવસોમાં તમામ પક્ષો દ્વારા પ્રચાર અભિયાન વેગવાન બનાવાશે.

# રસીકરણ કેન્દ્ર

કેન્દ્ર સરકારે આયુષ્યમાન ભારત યોજના તથા એવા પ્રકારની કોઈપણ રાજ્ય સ્તરીય આરોગ્ય વીમા યોજનાઓ અંતર્ગત નોંધાયેલી તમામ ખાનગી હોસ્પિટલોને કોવિડ રસીકરણ કેન્દ્ર તરીકે કામ કરવા મંજૂરી આપી છે.

અખબારી યાદીમાં સરકારે જણાવ્યું છે કે, તમામ ખાનગી હોસ્પિટલોની ક્ષમતાનો 100 ટકા ઉપયોગ કરવા આ નિર્ણય લેવાયો છે.

સરકારી નિવેદનમાં જણાવ્યા મુજબ નોંધાયેલી ન હોય તેવી ખાનગી હોસ્પિટલોમાં પણ જો કોવિડ રસીકરણ માટેની તમામ સુવિધા અને કર્મચારીઓ ઉપલબ્ધ હોય તો તેમને પણ કોવિડ રસીકરણ કેન્દ્ર તરીકે કાર્ય કરવા મંજૂરી આપી છે.

# હોકી

હોકીમાં ભારતીય તથા જર્મની પુરુષ ટીમ વચ્ચેની મેચ ડ્રો થઇ છે. ભારતના જસ્મીનપ્રીત સિંહે જર્મની વિરુધ્ધ એક ગોલ કર્યો હતો. જર્મનીએ પેનલ્ટી કોર્નરથી ગોલ કરી ૧-૧ ગોલની બરોબરી કરી હતી.

રવિવારે ભારતીય પુરુષ ટીમે ચાર મેચની શ્રેણીની પ્રથમ મેચમાં જર્મનીની ૬ – ૧ થી હરાવ્યું હતુ. હવે ભારતનો મુકાબલો બ્રિટન સાથે થશે. આ અગાઉ ભારતીય મહિલા ટીમ , જર્મની સામે ૨-0 થી હારી ગઇ હતી. મહિલા સ્પર્ધામાં જર્મનીની ટીમ ૩-0 થી આગળ છે.

# આઇએસએસએફ

ભારતીય નિશાનેબાજ મનિષા કીરે – આઇએસએસએફ વિશ્વકપ – શોટગન સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતા ૭મું સ્થાન મેળવ્યું છે. જો કે , ૨૧ વર્ષીય મનીષા મહીલાઓની ટ્રેપ સ્પર્ધાની ફાયનલમાં પહોચી શકી નથી. તેણે કવોલીફાઇવ સ્પર્ધામાં ૧૧૩નો સ્કોર કર્યો હતો.

પુરુષોમાં પૃથ્વીરાજ ટોંડિમન ૧૧૨ સ્કોર સાથે ૨૬માં સ્થાને રહયો. લક્ષ્ય શ્યોરાણ ૧૧૦ સ્કોર સાથે ૩૪માં સ્થાને તો ૧૦૯ સ્કોર સાથે કિયાન ચેનાઇ ૩૬માં સ્થાને રહયાં.

# જમ્મુ-કાશ્મીર

રાષ્ટ્રીય તપાસ સંસ્થા એનઆઈએ એ જમ્મુ-કાશ્મીરમાં લશ્કરે-એ-મુસ્તુફા વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે. લશ્કરે-મુસ્તુફા પર જમ્મુમાં આતંકી ઘટનાઓને અંજામ આપવાનો આરોપ છે.

NIAએ આ અગાઉ ગયા મહિને લશ્કરે-મુસ્તુફાના એક આતંકવાદીને ધરપકડ કરી હતી. ધરપકડ દરમિયાન તેની પાસેથી હથિયાર, દારૂગોળો તથા વાધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા.

NIAએ જણાવ્યું કે, લશ્કરે-મુસ્તુફાના આતંકવાદીઓએ નવેમ્બર 2020માં શોંપિયામાં જમ્મુ-કાશ્મીર બેન્કની મુખ્ય શાખામાં 60 લાખ રૂપિયાની લૂંટ ચલાવી હતી.

# *NIA*, બંગાળ

NIAએ પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં નિમિતા રેલવે સ્ટેશનમાં થયેલા બોમ્બ વિસ્ફોટની તપાસ શરૂ કરી છે.

ગત મહિના થયેલા બોમ્બ ધડાકામાં પશ્ચિમ બંગાળ સરકારના શ્રમ મંત્રી સહિત 22 લોકો ઘાયલ થયા હતા.

NIAએ કહ્યું કે, આ બાબતે કેસ દાખલ કરી તપાસ શરૂ કરાઈ છે.